ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ -૪ તા. ૦૨.૦૩.૨૦૨૧

ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગ્રામ્ય વિસ્તારનાં લોકો અને ખેડૂતોએ
ભાજપાને વિજયી બનાવીને સરકારની કલ્યાણકારી નીતિઓ પર
વિશ્વાસની મહોર લગાવી છે - શ્રી અમિતભાઇ શાહ

-----------

આ ભવ્ય વિજય બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, ગુજરાત ભાજપાના પ્રદેશ
અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ અને
સંગઠનના તમામ કાર્યકર્તાઓને ખૂબ ખૂબ અભિનંદન - શ્રી અમિતભાઇ શાહ

-----------

આ વિજય ગરીબ, ખેડૂતો અને ગામડાના વિકાસ અને કલ્યાણ માટે
સમર્પિત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કાર્યરત
ભાજપા સરકારોમાં જનતાના અતૂટ વિશ્વાસની જીત છે - શ્રી અમિતભાઇ શાહ

-----------

મોદીજીના નેતૃત્વ હેઠળ ભાજપાની સરકારો દેશના ગરીબ, ખેડૂતો અને વંચિત સમાજના
કલ્યાણ અને વિકાસ માટે સતત કટીબધ્ધ છે - શ્રી અમિતભાઇ શાહ

-----------

ગાંધીનગર લોકસભાના સાંસદ અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહે ગુજરાતમાં તા. ૨૮.૦૨.૨૦૨૧ના રોજ યોજાયેલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના આજ તા. ૦૨.૦૩.૨૦૨૧ના રોજ પરિણામો આવેલ છે, તેના અનુસંધાને ગુજરાતની જનતા જનાર્દનને નમન કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગ્રામ્ય વિસ્તારનાં લોકો અને ખેડૂતોએ ભાજપાને વિજયી બનાવીને સરકારની કલ્યાણકારી નીતિઓ પર વિશ્વાસની મહોર લગાવી છે. ભાજપા જ્યારે સત્તાના સુકાન સંભાળ્યાં છે, ત્યારથી સેવાકીય કાર્યો સતત કરતી આવી છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો આ વિજય સાચા અર્થમાં જનતાનો વિજય છે. આ ભવ્ય વિજય બદલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, ગુજરાત ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ અને સંગઠનના તમામ કાર્યકર્તાઓને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યાં હતાં.

શ્રી અમિતભાઇ શાહે વધુમાં જણાવ્યું હતું કે, આ વિજય ગરીબ, ખેડૂતો અને ગામડાના વિકાસ અને કલ્યાણ માટે સમર્પિત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કાર્યરત ભાજપા સરકારોમાં જનતાના અતૂટ વિશ્વાસની જીત છે. મોદીજીના નેતૃત્વ હેઠળ ભાજપાની સરકારો દેશના ગરીબ, ખેડૂતો અને વંચિત સમાજના કલ્યાણ અને વિકાસ માટે સતત કટીબધ્ધ છે.

**ડૉ.યજ્ઞેશ દવે**
**પ્રદેશ મીડિયા કન્વીનર,**